# હોર્મુઝ નજીક અમેરિકી હેલિકોપ્ટર ઈરાને તોડી પાડ્યું

**આ** અપાચે હેલિકોપ્ટર નાકાબંધીની કામગીરી માટે તૈનાત હતું

**બંને** પાયલોટો બે કલાક દરિયાના પાણીમાં તરતા રહ્યા, બાદમાં એક ડ્રોન બોટ કિનારે લઇ આવી

**ટ્રમ્પ** કહે છે કે અમેરિકાએ ઇરાનને આનો જવાબ આપવો જ પડશે

દુબઈ, 9 જૂન(AP): હોર્મુઝની સામુદ્રધુની નજીક યુએસ આર્મીનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે, પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે આ વ્યૂહાત્મક જળમાર્ગ નજીક થયેલી ઘટનામાં સવાર ક્રૂના બંને સભ્યોને કોઈ ઈજા થઈ નથી.

મધ્ય પૂર્વમાં મંગળવારે સવારે આ હેલિકોપ્ટર તૂટી પડવાનું કારણ હજી અસ્પષ્ટ હતું. જો કે બાદમાં અમેરિકી પ્રમુખે જણાવ્યું હતું કે આ હેલિકોપ્ટર ઈરાને તોડી પાડ્યું છે અને અમેરિકાએ તેનો જવાબ આપવો જ જોઈએ. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે આગલા દિવસે થયેલા પરસ્પર ગોળીબારથી આખો વિસ્તાર હજી પણ આઘાતમાં હતો. ઈરાન યુદ્ધમાં પહેલાથી જ દબાણ હેઠળ રહેલી યુદ્ધવિરામની સ્થિતિને આ ઘટનાથી સૌથી મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે રાત્રે એનબીએ ફાઈનલ જોયા બાદ ન્યૂયોર્કના જોહન એફ. કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે આ ક્રેશની વાત સ્વીકારી હતી. ટ્રમ્પે કહ્યું, પાયલોટ્સ બરાબર છે. હા, કોઈને ઈજા થઈ નથી. અમે આવતીકાલે આ અંગેનો રિપોર્ટ જાહેર કરવા જઈ રહ્યા છીએ. પરંતુ પાયલોટ્સ બરાબર છે. ન્યૂયોર્ક ટાઈમ્સે સૌથી પહેલા અહેવાલ આપ્યો હતો કે અમેરિકી લશ્કરનું એક અપાચે એટેક હેલિકોપ્ટર અસ્પષ્ટ સંજોગોમાં આ સામુદ્રધુની નજીક તૂટી પડ્યું હતું. અમેરિકી સૈન્યના સેન્ટ્રલ કમાન્ડ અને સંરક્ષણ વિભાગે આ અંગે 'ધ એસોસિએટેડ પ્રેસ'(AP)ની ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક કોઈ જવાબ આપ્યો ન હતો.. તેહરાન પર કરાર કરવા માટે દબાણ લાવવાના હેતુથી, ઈરાની ક્રૂડ ઓઈલના શિપમેન્ટ અને ટેન્કરો પર નાકાબંધી લાગુ કરવા માટે અમેરિકન સૈન્ય માટે અપાચે હેલિકોપ્ટર એક મુખ્ય સંપત્તિ રહ્યા છે. ઈરાન યુદ્ધ દરમિયાન સંયુક્ત આરબ અમીરાત(UAE) દ્વારા ઈરાની ડ્રોનને તોડી પાડવા માટે પણ આ હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાદમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે હોર્મુઝની સામુદ્રધુની નજીક અમેરિકન સૈન્ય હેલિકોપ્ટરને તોડી પાડવા માટે ઈરાન જવાબદાર છે અને અમેરિકાએ આ હુમલાનો જવાબ આપવો જ પડશે. ટ્રમ્પે આ ટિપ્પણી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા કરી હતી. એક ડ્રોન બોટે અપાચે એટેક હેલિકોપ્ટરના ક્રૂ સભ્યોને બચાવી લીધા હતા, જે આ વ્યૂહાત્મક જળમાર્ગ નજીક ક્રેશ થયું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે જણાવ્યું હતું કે, સમુદ્રમાં યુએસ સૈન્ય દ્વારા કરવામાં આવેલ આ પ્રથમ જાણીતો ડ્રોન બચાવ અર્થાત રેસ્ક્યૂ ઓપરેશન હતું. તેમણે ઉમેર્યું કે માનવરહિત નૌકાએ બંને વિમાનચાલકો (પાઈલટ્સ)ને શોધી કાઢ્યા હતા અને તેઓ પાણીમાં આશરે બે કલાક વિતાવ્યા બાદ તેમને સુરક્ષિત કિનારે લાવ્યા હતા.



## યુપી પોલીસ કોન્સ્ટેબલ પરીક્ષા : ઉમેદવારોની અવરજવરથી રેલવે સ્ટેશનો પર ભારે ભીડ

**ટ્રેનમાં** ચડવા માટે પડાપડીના દ્રશ્યો સર્જાયા

લખનૌ/કાનપુર, તા. યુપી પોલીસ કોન્સ્ટેબલ પરીક્ષા ૨૦૨૬ પૂર્ણ થયા બાદ ઉત્તર પ્રદેશના રેલવે સ્ટેશનો પર અભૂતપૂર્વ ભીડ જોવા મળી હતી, જેમાં ઉમેદવારો ગોરખપુર, વારાણસી, કાનપુર, આગ્રા, જૌનપુર અને અન્ય જિલ્લાઓ તરફ જઈ રહ્યા હતા. મુસાફરોની અવરજવરમાં અચાનક થયેલા વધારાને કારણે પ્લેટફોર્મ અને ટ્રેનોની અંદર ભારે ભીડ થઈ ગઈ હતી, જેના લીધે રેલવે સત્તાવાળાઓ સતર્ક થઈ ગયા છે. ઘણા ઉમેદવારો સ્ટેશન પરિસરમાં કલાકો સુધી રાહ જોતા જોવા મળ્યા હતા, જ્યારે અન્ય લોકો ટ્રેનમાં ચડતા પહેલા આરામ કરવા માટે પ્લેટફોર્મ પર ચાદર અને પ્લાસ્ટિકની શીટ્સ પાથરીને બેઠા હતા. મુખ્ય પરીક્ષા કેન્દ્રોમાંના એક એવા ગોરખપુરમાં રાજ્યના વિવિધ ભાગોમાંથી આવેલા ઉમેદવારોએ તેમની પરીક્ષા પહેલાં રેલવે સ્ટેશન પર રાત વિતાવી હતી. કેટલાક લોકો પોતાના ફોન રિચાર્જ કરવા માટે ચાર્જિંગ પોઈન્ટ પર લાઇનમાં ઊભા હતા, જ્યારે અન્ય લોકો ટ્રેન અથવા પરીક્ષાના શિફ્ટની રાહ જોતી વખતે ગરમીનો સામનો કરી રહ્યા હતા. બે શિફ્ટમાં લેવાઈ રહેલી આ ત્રણ દિવસીય ભરતી પરીક્ષામાં ૧.૧૬ લાખથી વધુ ઉમેદવારો હાજર રહે તેવી અપેક્ષા હતી.




## મિત્રના અવસાનથી ધ્રુસકે-ધ્રુસકે રડતો રહ્યો સલમાન ખાન



મુંબઈ, તા. 9 : બોલિવૂડ અભિનેતા સલમાન ખાનની સોશિયલ મીડિયા પર કેટલીક ખૂબ જ હેરાન કરનારી તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. પહેલીવાર સલમાન ખાન આટલો કમજોર અને રડતો જોવા મળ્યો છે. સલમાન ખાન આખા પરિવાર સાથે મુંબઈમાં સ્મશાન ઘાટ પહોંચ્યો હતો. હકીકતમાં, સલમાન ખાનના એક નજીકના પારિવારિક મિત્રનું અવસાન થઈ ગયું હતું. એવામાં તેમના અંતિમ સંસ્કારમાં સલમાન ખાન, અરબાઝ ખાન, સોહેલ ખાન, સલમા ખાન અને હેલન બધા જ જોવા મળ્યા હતા. જોકે, જેટલો તૂટી ગયેલો સલમાન ખાન જોવા મળી રહ્યો હતો તેનાથી તેમના ફેન્સ ખૂબ જ પરેશાન થઈ રહ્યા છે. સલમાન ખાનની આંખોમાંથી આંસુ રોકાવાનું નામ જ નહોતાં લઈ રહ્યાં.

### વિપક્ષમાં અંધાધૂંધી છે ત્યારે ફેરસીમાંકન ખરડો પસાર કરાવવા સરકાર ફરી પ્રયાસરત

## ૨૦૨૯ની ચૂંટણી પહેલાં લાગુ થશે મહિલા અનામત?

**આપ** અને ટીએમસીના ઘણા સાંસદો એનડીએ તરફ ખેંચાયા છે અને ડીએમકે ઇન્ડિયા ગઠબંધનમાંથી નિકળી ગયું છે તેમાં મોદી સરકારને તક જણાય છે

**આ** ખરડા માટે જરૂરી બે તૃતિયાંશ બહુમતીની વ્યવસ્થા કરી શકાશે એવી જન્મેલી આશા

નવી દિલ્હી, તા. 9(PTI): વિપક્ષના બે પક્ષોમાં બળવો થતાં અને ત્રીજા પક્ષે ઈન્ડિયા ગઠબંધનથી અંતર કરી લેતાં, નરેન્દ્ર મોદી સરકાર માટે 2029ની સંસદીય ચૂંટણીમાં મહિલા અનામત લાગુ કરવા માટે લોકસભાની બેઠકો વધારવાનું સીમાંકન બિલ (ડિલિમિટેશન બિલ) ફરીથી લાવવાની આશાઓ ફરી જીવંત થઈ છે.

જેમ જેમ વધુ વિપક્ષી સાંસદો હવે સત્તાધારી એનડીએ ગઠબંધન સાથે જોડાઈ રહ્યા છે, તેમ સરકારના સૂત્રોએ સંકેત આપ્યો છે કે સંસદમાં સીમાંકન કાયદાને નવો વેગ આપવાની શક્યતાઓ શોધવામાં આવી રહી છે. મહિલાઓને 33 ટકા અનામત આપવાનું બંધારણ સુધારા બિલ 17 એપ્રિલના રોજ લોકસભામાં પરાજિત થયું હતું, પરંતુ સીમાંકન બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTs)માં મહિલા અનામત કાયદો લાગુ કરવા માટેનો અન્ય એક ખરડો હજુ પણ નીચલા ગૃહમાં પડતર છે, કારણ કે સરકારે તેને હજુ સુધી પાછો ખેંચ્યો નથી.

તમિલનાડુમાં સત્તા ગુમાવનાર ડીએમકે પક્ષ, દક્ષિણના આ રાજ્યમાં નવી ટીવીકે સરકારને કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા સમર્થનથી નારાજ છે.

ડીએમકેએ કોંગ્રેસ પર પીઠમાં છરો મારવાનો આરોપ લગાવીને ઈન્ડિયા ગઠબંધનથી અંતર બનાવી લીધું છે, ત્યારે સૂત્રોએ સંકેત આપ્યો છે કે ભાજપ મહત્વપૂર્ણ કાયદાઓ સહિત સંસદમાં તમિલનાડુના આ પક્ષ પાસેથી મુદ્દા-આધારિત સમર્થન મેળવવાનો પ્રયાસ કરી શકે છે. રાજ્યસભામાં આમ આદમી પાર્ટી (AAP) ના 10 માંથી 7 સાંસદો પહેલેથી જ ભાજપમાં જોડાઈ ચૂક્યા છે, જેનાથી ઉપલા ગૃહ (રાજ્યસભા) માં સત્તાધારી ગઠબંધનની સંખ્યામાં વધારો થયો છે.

### H-1B વિઝા અરજી માટે એક લાખ ડોલરની ફી ગેરકાયદે ઠરાવતી અમેરિકી કોર્ટ

## H-1B વિઝા ફી પર કોર્ટના આદેશથી ભડક્યા ટ્રમ્પ

**મેસેચ્યુસેટ્સ** ફેડરલ કોર્ટે કહ્યું કે આ ફીને સંસદની મંજૂરી ન હોવાથી તે ગેરકાયદે

**ભારતીય** સમુદાયે ચુકાદાને આવકાર્યો, ટ્રમ્પે કહ્યું દેશને નુકસાન કરનાર ચુકાદો

વોશિંગ્ટન, તા. 9(PTI): અમેરિકામાં ભારતીય પ્રવાસી સંગઠનોએ H-1B વિઝા અરજીઓ પર લાદવામાં આવેલી 100,000 ડોલરની ફી રદ કરવાના ફેડરલ કોર્ટના આદેશને આવકાર્યો છે, અને તેને રોજગાર આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ માટે એક ન્યાયી પગલું ગણાવ્યું છે. મેસેચ્યુસેટ્સ ફેડરલ કોર્ટે આ મહત્વનો નિર્ણય આપ્યો હતો.

સોમવારે, એક ફેડરલ જજે ચુકાદો આપ્યો હતો કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા H-1B અરજીઓ માટે લાદવામાં આવેલી 100,000 અમેરિકી ડોલરની ફી ગેરકાયદેસર હતી કારણ કે તેને સંસદની મંજૂરી નહોતી. H-1B વિઝા એ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે અમેરિકી કંપનીઓને સૈદ્ધાંતિક અથવા તકનીકી કુશળતાની જરૂર હોય તેવા વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે. ટેક્નોલોજી કંપનીઓ દર વર્ષે ભારત અને ચીન જેવા દેશોમાંથી હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે આ વિઝા પર નિર્ભર રહે છે. અમે મેસેચ્યુસેટ્સ ફેડરલ કોર્ટના 100,000 યુએસ ડોલરની H-1B વિઝા ફી રદ કરવાના નિર્ણયને આવકારીએ છીએ, જે રોજગાર આધારિત ઈમિગ્રેશન સિસ્ટમમાં પ્રવાહિતા અને ન્યાયીપણું પુનઃસ્થાપિત કરે છે એમ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ (FIIDS)ના પોલિસી અને સ્ટ્રેટેજી ચીફ ખાંડેરાવ કંદે PTIને જણાવ્યું હતું. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે 100,000 ડોલરની H-1B વિઝા ફી રદ કરવાના ફેડરલ કોર્ટના આદેશની આલોચના કરતા જણાવ્યું હતું કે આવા પગલાં દેશને ખૂબ જ નુકસાન પહોંચાડી રહ્યા છે. ન્યૂયોર્કમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે કહ્યું, આ ન્યાયાધીશો ખરેખર આપણને ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી રહ્યા છે, ખરેખર પાગલપન છે.

## મહિલાઓની ધરપકડનો વિરોધ કરતા લોકો પર તાલીબાનનું દમન



**હેરાત** શહેરમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ અને ગોળીબારઃ એકનું મોત, કેટલાકને ઇજા

હેરાત(અફઘાનિસ્તાન), તા. ૯: સદાચાર પોલીસ વિભાગ સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર તાલીબાનો સખત રીતે ત્રાટકતા એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય કેટલાક ઘવાયા છે.

દેશના ડ્રેસ કોડનું ઉલ્લંઘન કરવા બદલ કેટલીક મહિલાઓ અને યુવતીઓની ધરપકડ થઈ હતી. તેના વિરોધમાં મંગળવારે ડઝનબંધ લોકો રસ્તા પર ઉતરી આવ્યા બાદ સત્તાવાળાઓએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો. 'આમુ ટીવી' દ્વારા મેળવવામાં આવેલા ફૂટેજમાં હેરાત શહેરની ઉત્તર-પશ્ચિમે આવેલા જીબ્રાઈલ ટાઉનશિપમાં સતત થઈ રહેલા ગોળીબારના અવાજ વચ્ચે રહેવાસીઓ જીવ બચાવવા માટે રસ્તા પર ભાગતા જોઈ શકાય છે. અધિકારીઓ લાંબી લાકડીઓ વડે પ્રદર્શનકારીઓને જમીન પર પાડીને નિર્દયતાથી ફટકારી રહ્યા હતા ત્યારે તેઓની ચીસાચીસ સાંભળી શકાતી હતી. વિરોધ કરી રહેલા લોકોમાં બુરખો પહેરેલી મહિલાઓ પણ સામેલ હતી. તાલીબાન પોલીસે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યો હતો. હેરાત પોલીસના પ્રવક્તા સૈયદ મસૂદે સરકારી ન્યૂઝ એજન્સી 'બાખ્તાર'ને જણાવ્યું હતું કે, આ ટોળાએ 'તણાવ પેદા કર્યો' હતો અને ઈસ્લામિક હિજાબનો વિરોધ કરવાના બહાને જાહેર વ્યવસ્થાને ખોરવી નાખી હતી.

હેરાત વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી ડ્રેસ કોડના ભંગ બદલ અટકાયતોનો દોર ચાલી રહ્યો છે. અટકાયતમાં લેવાયેલી મહિલાઓમાં એક નર્સનો પણ સમાવેશ થતો હતો. અફઘાનિસ્તાન ખાતેના યુએનના માનવ અધિકાર વિભાગના એક અહેવાલકારે આ ધરપકડોને વખોડી હતી, જ્યારે ધરપકડોના વિરોધમાં લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા.

## મધ્યપ્રદેશના રાજ્યસભાના કોંગ્રેસી ઉમેદવારનું ઉમેદવારીપત્રક રદ

**એક** ફોજદારી કેસની વિગતો છૂપાવી હોવાનો આરોપ મૂકી ચૂંટણી સત્તાવાળાઓએ મીનાક્ષી નટરાજનનું પત્રક રદ કર્યું

**કોંગ્રેસે** કહ્યું કે મીનાક્ષી સામે કોઇ કેસ નથી, તેલંગાણાની કોર્ટે તેમને માત્ર એક નોટિસ આપી છે, ભાજપે ભ્રમ ફેલાવ્યો છે

**ભાજપથી** બચાવવા કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને કર્ણાટક ખસેડવાની યોજના બનાવી હતી તે આ પ્રકરણ પછી મોકૂફ રખાઇ



ભોપાલ, તા. ૯: મધ્યપ્રદેશથી કોંગ્રેસના રાજ્યસભાના ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું ઉમેદવારી પત્ર સોમવારે ચૂંટણી સત્તાવાળાઓ દ્વારા રદ કરવામાં આવ્યું છે. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમના ઉમેદવારી પત્ર સાથે સબમિટ કરવામાં આવેલા સોગંદનામામાં એક કેસ સંબંધિત માહિતી છુપાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનાક્રમ ત્યારે સામે આવ્યો જ્યારે ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ રિટર્નિંગ ઓફિસર સમક્ષ ઔપચારિક વાંધો ઉઠાવીને નટરાજનની ઉમેદવારી રદ કરવાની માંગ કરી હતી. ભાજપે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતા તેમના ચૂંટણી સોગંદનામામાં તેલંગાણાના એક પેન્ડિંગ કોર્ટ કેસની વિગતો જાહેર કરવામાં નિષ્ફળ રહ્યા છે, જે ઉમેદવારી પત્ર ભરતી વખતે સબમિટ કરવું ફરજિયાત હોય છે. ભાજપે દલીલ કરી હતી કે આ વિગતો ન દર્શાવવી એ મહત્વની માહિતી છુપાવવા બરાબર છે અને આ કારણે તેમનું ઉમેદવારી પત્ર રદ થવાને પાત્ર છે. જો કે, કોંગ્રેસે આ વાંધાનો સખત વિરોધ કર્યો છે અને તેને પાયાવિહોણો ગણાવ્યો છે. દરમ્યાન, ભાજપ પોતાના ધારાસભ્યોનો સંપર્ક ક્રોસ વોટિંગ કરવા માટે કરી શકે નહીં તે માટે કોંગ્રેસે મધ્યપ્રદેશના પોતાના ધારાસભ્યોને આજે કર્ણાટક ખસેડવાની તૈયારી કરી હતી અને આ માટે ખાસ વિમાનની પણ વ્યવસ્થા કરી હતી.


### જાહેર નોટીશ

આથી આપશ્રી વાહન માલિકો/વીમા કંપની/ફાઇનાન્સ કંપની વિગેરે નાઓને જણાવવાનું કે, ડીંડોલી પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે એમ.વી. એક્ટ કલમ-૨૦૭ ના કામે કુલ-૬૩ વાહનો જમા કરવામાં આવેલ છે. જે વાહન માલિકો કે જે ઇસમો પાસેથી વાહનો જમા કરવામાં આવેલ છે. તેઓને અત્રેથી અવાર નવાર લેખિત તથા મૌખિક જાણ કરવા છતાં તેઓના વાહન છોડાવવા માટે આજદિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ કેટલાક કિસ્સામાં સદરહુ વાહન માલિકો જણાવેલ સરનામે રહેતા હોવાનું જણાયેલ નથી. જેથી તે કિસ્સામાં જાણ થઇ શકેલ નથી. તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૩ માં વાહન છોડાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં આપ કસુર કરશો તો આપનું વાહન પો.સ્ટે.થી છોડાવવા માંગતા નથી તેવું માની લઇ નિયમોનુસાર વાહનોની જાહેર હરાજી કરી ઉપજેલ નાંણા સરકારશ્રીમાં જમા કરાવવામાં આવશે. તેમજ આપના તરફથી આ અંગે કોઇ વાંધા જનક હોય તો ડીંડોલી પો.સ્ટે. ખાતે રૂબરૂ અગર તો લેખીત રજુઆત કરવાની રહેશે, ત્યારબાદ આવી કોઇ રજુઆત કોઇ ધ્યાને લેવામાં આવશે નહીં આ સબંધે વાહનોની નિકાલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

નોંધ- વાહનોની સંપુર્ણ વિગતો સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીની વેબ સાઇટઃ- www.Cpsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

તા. ૦૮/૦૬/૨૦૨૬

(પી.એલ.વાઘેલા)
પોલીસ ઇન્સ્પેક્ટર
ડીંડોલી પોલીસ સ્ટેશન
સુરત શહેર

ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૪૭/૨૦૨૬

### ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### જાહેર ટૂંકી નિવિદા નં. ૦૨ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઈજનેર, વિદ્યુત પેટા વિભાગ, ઉકાઈ, જી.તાપી પીન કોડ નં. ૩૯૪૬૮૦ (ફોન નં ૦૨૬૧ ૨૪૬૫૮૬૮.) તરફથી કુલ ૧૦ (દશ) કામ જેની અંદાજિત કિંમત રૂ.૨.૫૮/- લાખ થી રૂ.૩.૨૫/- લાખ છે. સદર કામ ગુજરાત સરકારના ઇ-૨ (ઇલેક્ટ્રીકલ રજીસ્ટ્રેશન) વર્ગ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો "પાસેથી નિયત નમુનામાં ટેન્ડરો આર.પી. એડી / સ્પીડ-પોસ્ટ થી મંગાવવામાં આવે છે. બાનાની રકમ એફ.ડી.આર સ્વરૂપે આપવાની રહશે, ડી.ડી. સ્વરૂપે આપવામાં આવેલ બાનાની રકમનાં ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧. કોરી ટેન્ડર કોપીઓ આપવાની છેલ્લી તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજ સાંજે ૧૮.૦૦ કલાક સુધી.

૨. ભરેલ ટેન્ડરો કોપીઓ પરત લેવાની છેલ્લી તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે ૧૬.૦૦ કલાક સુધી સ્પીડપોષ્ટ / રજી.પો.એ.ડી. દ્વારા સ્વીકારવામાં આવશે. ભાવ ભરેલ ટેન્ડરો શકય હોય તો તે જ દિવસે ૧૬.૩૦ કલાકે ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે.

ક્રમાંકઃ માહિતી-સૂરત/૨૪૪/૨૦૨૬

### -:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીક્ટ **સુરત,** સબ-ડિસ્ટ્રીક્ટ **ઓલપાડ**ના મોજે ગામ **મોરથાણના, બ્લોક/સર્વે નં. ૧૧૫-અ,** જેનું ક્ષેત્રફળ હે.આરે. **૪-૮૦-૫૭** ચો.મી. વાળી જમીન પૈકી વણ-વહેંચાયેલ હિસ્સાની હે. આરે. **૯૫૧૨** ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીન **રાહુલકુમાર શાંતીલાલ** નાઓની માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. અને સદર જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ તેમના વણ-વહેંચાયેલા હિસ્સાની જમીન હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી **રાહુલકુમાર શાંતીલાલ**ના હિસ્સે આવેલ જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈનો કોઈપણ પ્રકારે હક્ક-હિત, હિસ્સો, દર-દાવો કે કોઈપણ જાતના લખાણો હોય તેમજ કોઈનો ભરણપોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક કે ગણોત હક્ક કે કોઈપણ બેંકનો કે સહકારી મંડળીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી **દિન-૭**માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમારા અસીલ વતી હમોનો સંપર્ક કરવો. જો તેમ કરવામાં કસુર થશે તો **રાહુલકુમાર શાંતીલાલના** હિસ્સે આવેલ જમીનમાં કોઈનો કશા પ્રકારનો લાગભાગ, હક્ક-હિત, હિસ્સો કે અધિકાર નથી અને હોય તો તે વેવ કરેલો છે તેમ માની હમારા અસીલ **રાહુલકુમાર શાંતીલાલ** પાસેથી તેઓના વણ-વહેંચાયેલ હિસ્સાની જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ તર-તકરાર કે દાવો ચાલશે નહી. જેની આથી સર્વેએ નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની બાજુમાં, અઠવાગેટ, સુરત. મોબાઇલ : ૮૫૩૦૦ ૬૮૨૯૯

મુકેશ એસ. પટેલ, સંજય આર. પટેલ તથા નચલ એમ. પાંડવ તે ખરીદનારના એડવોકેટસ્

### ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી હમો નીચે સહી કરનાર રમેશભાઈ છીતુભાઈ કીકાવાલા ના નામે નીચે જણાવેલ વિગત વર્ણન વાળી ખેતીની જૂની શરતની જમીન ચાલી આવેલ છે.

| ગામ/તાલુકા/જીલ્લો | ખાતા નંબર | બ્લોક/સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | જમીનનો પ્રકાર |
|---|---|---|---|---|
| પીનસાડ/નવસારી/ નવસારી | ૫૭૯ | જુનો - ૪૩૮ નવો - ૪૬૫ | ૦-૩૦-૧૯ | બાગાયત |
| પીનસાડ/નવસારી/ નવસારી | ૫૭૯ | જુનો - ૪૩૯ નવો - ૪૬૬ | ૦-૩૨-૦૪ | બાગાયત |
| પીનસાડ/નવસારી/ નવસારી | ૫૭૯ | જુનો - ૪૪૦ નવો - ૪૬૭ | ૦-૩૩-૨૪ | બાગાયત |
| પીનસાડ/નવસારી/ નવસારી | ૫૭૯ | જુનો - ૪૪૧ નવો - ૪૬૮ | ૦-૧૪-૮૧ | બાગાયત |

ઉપરોક્ત વિગત વર્ણનવાળી સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા વાળી ખેતીની જમીન મિલકત તેના ઉપરોક્ત દર્શાવેલ માલીકે પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, વહીવટ, ભોગવટાની હોવાની જણાવી હમારા અસીલશ્રીની કિંમતી અવેજ બદલ વેચાણ કરવાનું નક્કી કર્યુ છે. જેથી સદર મિલકત સંદર્ભે કોઈપણ વ્યક્તિ, રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો-ઓપરેટીવ બેંક, સહકારી મંડળી, નાણાંકીય સંસ્થાનો કે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, દરદાવો, લાગભાગ, ભરણપોષણ કે કોઈના સાટાખત, વેચાણ લેખ, કબજા કરાર યા ચાર્જ, બોજો યા લીયન યા ઈઝમેન્ટના હકકો યા અન્ય કોઈ હકકો યા અધિકારો યા લખાણ હોય તો તે અંગેના આધારભૂત દસ્તાવેજો દિન-૭ ની મુદતમાં હમારા નીચે સરનામે રજૂ કરી ખાતરી કરાવશો. સબબ ઉપરોક્ત મુદતમાં કોઈના કોઈપણ પ્રકાના વાંધા નહીં આવે તો તે અંગે કોઈપણ ઈસમના રાઈટ્સ, હકક-હિસ્સો, લાગભાગ, દર-દાવો, ટાઈટલ, ઈન્ટરેસ્ટ ઉપરોક્ત જમીનોમાં નથી યા હોય તો તે વેવ યાને જતા કરેલા હોવાનું માની હમારા અસીલ સદર મિલકતના કાયદેસરના લખાણો યા દસ્તાવેજો કરી-કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેવી.

સહી - રમેશભાઈ છીતુભાઈ કીકાવાલા — અસીલ મજકુરની સૂચના અને ફરમાઈશ અન્વયે,

તા. ૦૯-૦૬-૨૦૨૬ — સ્વાતિ ડી. ગાંધી (એડવોકેટ)
બીજો માળ-૨૧૦, શિવાની કોમ્પલેક્ષ, કલેકટર કચેરીની બાજુમાં, તા. જી. નવસારી.મો.: 8469401787

### જાહેર ચેતવણી

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તથા મશીનહોલની સાફ-સફાઈ મશીનરીઓ દ્વારા જ કરાવવામાં આવે છે.પરંતુ શહેરના છેવાડે આવેલ વિસ્તારોમાં ખાનગી ડ્રેનેજ લાઈનના મેઈનટેનન્સ તથા સેપ્ટીક ટેન્ક ડીસ્કીટીંગ કરવા માટે ખાનગી વ્યકિત/ સંસ્થાઓ પાસે મેન્યુઅલ (હાથથી) સફાઈની કામગીરી કરાવવામાં આવતી હોવાનું સમાચારના માધ્યમથી જાણવા મળે છે. આ પ્રકારની કામગીરી માણસો પાસે કરાવવી જોખમી હોય તેમજ તેમાં જાન-માલની સલામતી જોખમાઈ તેમ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના છેવાડે આવેલા વિસ્તારોમાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ કામગીરી પર સંપુર્ણ પણે પ્રતિબંધ લાવવા સારૂ આ પ્રકારની કામગીરી મશીનરી દ્વારા થાય તે સારૂ નજીકની ઝોન ઓફીસનો સંપર્ક કર્યેથી જુદી જુદી સીવર કલીનીંગ મશીનરી ભાડા પેટે ફાળવવામાં આવે છે. જેથી શહેર તેમજ શહેરના છેવાડે આવેલા લોકોને સુરત મહાનગરપાલિકાની આ સુવિધાનો મહત્તમ લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવે છે.

નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૫૮૩/૨૦૦૩, તા.૨૭/૦૩/૨૦૧૪ તથા રીટ પીટીશન (સીવીલ) નં. ૩૨૪/૨૦૨૦, તા.૨૦/૧૦/૨૦૨૩ ચુકાદાઓ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩, મુજબ સુરત શહેરમાં કોઈપણ ડ્રેનેજ ચેમ્બર/મશીનહોલ/ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ ભુર્ગભ ગટર વિગેરેમાં સફાઈ કામદારોને ઉતારી મેન્યુઅલ કામગીરી કરવાનું પ્રતિબંધિત હોવા અંગે અવાર નવાર જાહેર ચેતવણી વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. ઉકત કાયદા/જોગવાઈઓ/સુચનાઓનો ભંગ થયેથી ઉદભવિત પરિસ્થિતિ બાબતે સંપુર્ણ જવાબદારી કાયદાનો ભંગ કરનાર સંસ્થા / ઈસમોની રહે છે તેમજ ફોજદારી રાહે પગલા ભરવા તથા મરનારના કાયદેસરના વારસદારને ચુકવવા પાત્ર વળતરની સંપુર્ણ રકમ સંબંધિત હોદ્દેદારો/માલિકોએ ભોગવવાની રહે છે.ખાનગી રાહે થતી આવી બિનઅધિકૃત કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેતી નથી.

વધુમાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ જાહેર રોડ રસ્તાઓ પર આવેલ ડ્રેનેજ મશીનહોલ/ સેપ્ટીક ટેંક ના ઢાંકણ અધિકૃત વ્યકિત સિવાય ખોલવાની સખત મનાઈ છે તથા આ ચેમ્બરો/ મશીનહોલ/ સેપ્ટીંક ટેંકના ઢાંકણ તુટેલ અથવા જર્જરીત અવ્યસ્થામાં જણાય તો તેની ફરીયાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન તથા ડ્રેનેજ ચેમ્બર/મશીનહોલ/ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ભુર્ગભ ગટર વિગેરેને લાગત કામગીરી માટે ઈમરજન્સી રીસપોન્સ સેનીટેશન યુનિટ (ERSU) ૨૪×૭ કાર્યરત હેલ્પલાઈન નં.૧૪૪૨૦ પર ફરીયાદ નોંધાવવી ઉપરાંત ડ્રેનેજ સફાઈ કામગીરી અંગેની વધુ જાણકારી માટે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ,તાડવાડી,રાંદેર ખાતેની ઓફીસનો સંપર્ક કરવા તમામ નાગરીકોને અપીલ કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૬૭/૨૦૨૬-૨૭ — મ્યુ.કમિશ્નર
તા. ૦૯/૦૬/૨૦૨૬ — સુરત મહાનગરપાલિકા

### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લો નવસારી તાલુકો નવસારી ના મોજેઃ દંડેશ્વર ગામે ચાલી આવેલ ખાતા નંબરઃ ૨૦૦ ના બ્લોક/સર્વે નં. (જુનો) ૪૨૮ જેનો બ્લોક/સર્વે નં. (નવો) ૬૩૩ વાળી ખેતીની જુની શરતની જમીન, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૩-૧૧-૨૩ ચો.મી. જેનો આકાર રૂા. ૩૦.૮૫ પૈસા વાળી જમીન પૈકી ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૭-૦૦ ચો.મી. જેટલી જમીનના માલીકો (૧) ધીરૂભાઈ છીબાભાઈ આહીર, (૨) ખંડુભાઈ છીબાભાઈ આહીર, (૩) હરીશભાઈ છીબાભાઈ આહીર, (૪) કમુબેન છીબાભાઈ આહીર નાએ સદર જમીન તેઓની સંયુક્ત માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ કલીયરહોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી ઠરાવેલ છે. જેથી સદર જમીન બાબતે કોઈપણ વારસદાર, બેંક, વ્યક્તિ, સંસ્થા કે સરકારી -અર્ધસરકારી એકમને કોઈપણ ત્રાહિત વ્યક્તિનો સદર જમીન સંદર્ભે કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર, લાગ-ભાગ, હકક-હિસ્સો, હિત-સંબંધ, સાટાખત, કબજા કરાર, ભરણ પોષણ, લીયન યા અન્ય કોઈ હકકો કે અધિકાર હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિતમાં જાણ કરવી, તેમ કરવામાં કસુર થયેથી કોઈપણ વ્યક્તિ, બેંક કે સંસ્થા કે કોઈ ત્રાહિત વ્યક્તિને તેવો હકક, અધિકાર નથી અને હોય તો તે આથી છોડી (વેવ) કરી દીધેલ છે તેમ માનીને સદરહું મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી મારા અસીલ કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯-૦૬-૨૦૨૬ — મારી મારફત, પરેશ એમ. નસીત એડવોકેટ
રહે. સી/૮, શીવનગર સોસાયટી, જલાલપોર રોડ, નવસારી, તા.જી. નવસારી. મો.: ૯૮૯૮૨ ૫૬૬૪૬

### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લા નવસારી તાલુકો નવસારીના મોજેઃ દંડેશ્વર ગામે ચાલી આવેલ ખાતા નંબરઃ ૨૦૦ ના બ્લોક/સર્વે નં. (જુનો) ૪૨૮ જેનો બ્લોક/સર્વે નં. (નવો) ૬૩૩ વાળી ખેતીની જુની શરતની જમીન, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૩-૧૧-૨૩ ચો.મી. જેનો આકાર રૂા. ૩૦.૮૫ પૈસા વાળી જમીન પૈકી ક્ષેત્રફળ હે.આરે. ૨-૮૪-૨૩ ચો.મી. જેટલી જમીનના માલીકો (૧) સવિતાબેન ગુણવંતભાઈ મગનભાઈની વિધવા, (૨) ભીખુભાઈ ગુણવંતભાઈ પટેલ, (૩) કાંતિલાલ ગુણવંતભાઈ પટેલ, (૪) ઈશ્વરભાઈ રમણભાઈ પટેલ, (૫) પ્રફુલભાઈ રમણભાઈ પટેલ, અનુક્રમ નં. ૪ અને ૫ નાઓના કુ.મુ. પુનીતાબેન કાંતિલાલ પટેલ નાએ સદર જમીન તેઓની સંયુક્ત માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી ઠરાવેલ છે. જેથી સદર જમીન બાબતે કોઈપણ વારસદાર, બેંક, વ્યક્તિ, સંસ્થા કે સરકારી-અર્ધસરકારી એકમને કોઈપણ ત્રાહિત વ્યક્તિનો સદર જમીન સંદર્ભે કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર, લાગ-ભાગ, હકક-હિસ્સો, હિત-સંબંધ, સાટાખત, કબજા કરાર, ભરણ પોષણ, લીયન યા અન્ય કોઈ હકકો કે અધિકાર હોય તે તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિતમાં જાણ કરવી, તેમ કરવામાં કસુર થયેથી કોઈ વ્યક્તિ, બેંક કે સંસ્થા કે કોઈ ત્રાહિત વ્યક્તિને તેવો હકક-અધિકાર નથી અને હોય તો તે છોડી (વેવ ) કરી દીધેલ છે તેમ માની ને સદરહું મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી મારા અસીલ કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯-૦૬-૨૦૨૬ — મારી મારફત, પરેશ એમ. નસીત એડવોકેટ
રહે. સી/૮, શીવનગર સોસાયટી, જલાલપોર રોડ, નવસારી, તા.જી. નવસારી. મો.: ૯૮૯૮૨ ૫૬૬૪૬